ક્રિમીનલ કેસ નં.૭૪૫૨૯/૨૦૨૩
ચોથા અધિક સિવિલ જજ અને ન્યાયિક મેજીસ્ટેટ પ્રથમ વર્ગ. સરત

કેસ રજી.લીધાની તારીખ:– ૨૪–૦૮–૨૦૨૩
ઠરાવ જાહેર કર્યાનીતારીખ:– ૨૧–૧૨–૨૦૨૪
અવધિ:– ૦૧–વર્ષ ૦૩–માસ ૨૭–દિવસ

**સુરતનાં ચોથા એડીશનલ સિવિલ જજ અને જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં**

ક્રિમીનલ કેસ નં.૭૪૫૨૯/૨૦૨૩

ફરિયાદી :– શ્રી સરકાર.

**વિરૂધ્ધ**

આરોપી:– કિરણ એસ/ઓ. સુરેશભાઈ ચવ્હાણ (પાટીલ)
રહે. : પ્લોટ નં. ૦૨, ગણેશનગર વિભાગ–૦૨,
સપના પાન સેન્ટરની પાસે, ડીંડોલી, સુરત.
મુળ રહે. : ગામ મોહાડી, તા.જામનેર, જી.જલગાંવ (મહારાષ્ટ્ર)

**ભારતીય દંડ સંહીતાની કલમ–૫૦૭, ૫૦૬ (૨) તથા ઈન્ફર્મેશન ટેકનોલોજી એકટ ૨૦૦૦ ની કલમ–૬૬(ઈ), ૬૭, ૬૭ (એ) મુજબ**

| |
|---|
| સરકારશ્રી તરફે :–સરકારી વિધ્વાન વકીલશ્રી<br>આરોપીઓ તરફે:–વિ.વકીલ શ્રી ડી.વી.પાટીલ. |

## –: ચુ કા દો :–

**(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત:**

ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, સદર કામના આરોપીનાએ ફરીયાદીના ભાભી સાહેદ સારીકાને તેની સાથે વાત કરવાનુ દબાણ આપી જો તેણી વાત નહી કરે તો આરોપીએ ભોગ બનનાર સાહેદ સાથે વોટસએપના માધ્યમથી વીડીયો કોલથી વાતચીત કરેલ તે દરમ્યાન લીધેલ અંગત ફોટો અને વીડીયોઝ વાયરલ કરી નાખશે અને સાહેદ શૈલેષભાઈને જાનથી મારી નાંખશે તેવી ધમકી આપી, આરોપી કિરણે ફરીયાદીના ભાભી સાહેદ સારીકા સાથેના વોટસએપ કોલનો નગ્ન વીડીયો રેકોર્ડ

કરી આ વીડીયો ફરીયાદીના મોબાઈલ ફોનમા મોકલી આપી ફરીયાદીની ભાભી સાથે વાત કરાવ નહી તો તને અને તારાભાઈને જાનથી મારી નાંખીશ અને આ વીડીયો ઈન્સ્ટાગ્રામ તથા ફેસબુક પર વાયરલ કરી નાંખીશ તેવી ધમકી આપી ભારતીય દંડ સંહીતાની કલમ–૫૦૭, ૫૦૬ (૨) તથા ઈન્ફર્મેશન ટેકનોલોજી એકટ ૨૦૦૦ ની કલમ–૬૬(ઈ), ૬૭, ૬૭ (એ) મુજબનો ગુનો કરેલ છે.

**(૨) ન્યાયિક કાર્યવાહી:**

(૨.૧) આરોપીઓ કોર્ટ સમક્ષ ઉપસ્થિત થતા, ક્રિ.પો.કોડની કલમ–૨૦૭ ના પ્રબંધો મુજબ પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલાની ખાત્રી કર્યા બાદ આ કામના આરોપી વિરુધ્ધ તહોમતનામુ આંક–૫ થી ઘડવામાં આવેલ અને આંક–૬ થી પ્લી નોંધી તેમાં કરવામાં આવેલા આક્ષેપોની સમજુતી આપી આરોપીનુ નીવેદન નોંધતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ છે જેથી ફરીયાદપક્ષે પોતાનો પુરાવો રજુ કરેલ છે.

(૨.૨) ફરિયાદ પક્ષે આંક–૨૦ થી કલોઝિંગ પુરસીસથી પુરાવો પૂર્ણ થયેલાનું જાહેર કરેલ છે. ફરીયાદીપક્ષ દ્વારા રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો લક્ષમાં લેતા આ કેસમાં આરોપીનુ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો ઉપ્લબ્ધ ન હોવાથી આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ બંને પક્ષકારોની દલીલો સાંભળવામાં આવેલ. વિ. એ.પી.પી.શ્રીની દલીલ એવી છે કે ફરીયાદ પક્ષે આરોપી સમક્ષ આક્ષેપિત ગુનાઓને નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ થયેલ છે જયારે આરોપી તરફે વિ.વ.શ્રીએ રજૂઆત કરેલ કે ફરીયાદ પક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી અને તેઓના કેસ માં શંકા ફલિત થાય છે.

(૨.૩) ફરિયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલાં છે :

**-::મૌખિક પુરાવો ::-**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૭ | પંચ સાહેદ દગડુ લુકા પાટીલની જુબાની |
| ૨ | ૧૬ | ફરીયાદી સચીન રમેશ ભામરેની જુબાની |

**-::દસ્તાવેજી પુરાવો::-**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૮ | પંચનામું. |
| ૨ | ૧૭ | ફરીયાદ. |
| ૩ | ૧૮ | પંચનામુ. |
| ૪. | ૧૯ | અટક પંચનામું. |

**(૩) મુદાઓ:**

સદર કામે બંને પક્ષની દલીલો તથા રજૂ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ ને ધ્યાને લેતા નીચે મુજબનાં મુદાઓ ઉપસ્થિત થાય છે.

(૩.૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, સદર કામના આરોપીનાએ ફરીયાદીના ભાભી સાહેદ સારીકાને તેની સાથે વાત કરવાનુ દબાણ આપી જો તેણી વાત નહી કરે તો આરોપીએ ભોગ બનનાર સાહેદ સાથે વોટસએપના માધ્યમથી વીડીયો કોલથી વાતચીત કરેલ તે દરમ્યાન લીધેલ અંગત ફોટો અને વીડીયોઝ વાયરલ કરી નાખશે અને સાહેદ શૈલેષભાઈને જાનથી મારી નાંખશે તેવી ધમકી આપી, આરોપી કિરણે ફરીયાદીના ભાભી સાહેદ સારીકા સાથેના વોટસએપ કોલનો નગ્ન વીડીયો રેકોર્ડ કરી આ વીડીયો ફરીયાદીના મોબાઈલ ફોનમા મોકલી આપી ફરીયાદીની ભાભી સાથે વાત કરાવ નહી તો તને અને તારાભાઈને જાનથી મારી નાંખીશ અને આ વીડીયો ઈન્સ્ટાગ્રામ તથા ફેસબુક પર વાયરલ કરી નાંખીશ તેવી ધમકી આપી ભારતીય દંડ સંહીતાની કલમ-૫૦૭, ૫૦૬ (૨)

તથા ઈન્ફર્મેશન ટેકનોલોજી એક્ટ ૨૦૦૦ ની કલમ–૬૬(ઈ), ૬૭, ૬૭ (એ) મુજબનો મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે?

(૩.૨) શું હુકમ?

**(૪) ઉપરોક્ત મુદ્દા અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે:–**

(૪.૧) નકારમાં,

(૪.૨) આખરી હુકમ મુજબ.

**(૫) કાયદાકીયબિંદ, પુરાવાનું મુલ્યાંકન અને નિર્ણયના કારણો:**

(૫.૧) આંક–૭ થી પંચ સાહેદ દગડુ લુકા પાટીલનાએ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓને ડીંડોલી પોલીસે આઠ નવ મહીના પહેલા પંચનામામા રહેવા બોલાવેલ. આ કામના આરોપીઓને પોલીસે બ્લેક મેઈલીંગના કામે અટક કરેલા હતા. પોલીસે તેઓની તૈયાર પંચનામામા સહી કરાવેલી. શાનુ પંચનામું હતુ તે તેઓએ વાંચેલ નહી. તેઓની રૂબરૂ કોઈ વસ્તુ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. પોલીસે તેઓની ચોકીમા સહી કરાવેલ.

સરતપાસની જુબાનીમા ફરીયાદની હકીકતને સમર્થનકારી પુરાવો રજુ રાખતા ના હોય જેથી વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરવા પરવાનગી માંગતા, પરવાનગી આપતા, સાહેદોને ઉલટતપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછવા છતા પણ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન મળે તેવી કોઈ જ હકીકત જણાવતા નથી.

સદરહુ સાહેદનો બચાવપક્ષે ઉલટતપાસ કરવાનો હકક નામદાર કોર્ટ તરફથી બંધ કરવામા આવેલ છે.

(૫.૨) આંક–૧૬ થી ફરીયાદી સચીન રમેશ ભામરેનાએ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ઉપરોકત સરનામે રહી પ્રાઈવેટ નોકરી કરી તેઓનુ ગુજરાન ચલાવે છે.

સને ૨૦૨૨ મા તેઓ લીંબાયત ખાતે રહેતા હતા અને મકાનના ઉપરના માળે કિરણ પાટીલને ભાડેથી આપેલ. તેમને તેઓના ભાભી સાથે સારા સંબંધો હતા. તેમની સાથે અવાર નવાર સામાન્ય બોલચાલી થતા તેઓએ મકાન ખાલી કરાવેલુ અને તેઓ ડીંડોલી ભાડેથી રહેવા ચાલી ગયેલા અને ત્યારબાદ પણ અવાર નવાર કિરણનો તેઓ ઉપર સામાન્ય વાતચીત થાય તેવા ફોન આવતા હતા. બનાવ અંગે તેઓએ ડીંડોલી પો.સ્ટે. મા ફરીયાદ આપેલી.

સરતપાસની જુબાનીમા ફરીયાદની હકીકતને સમર્થનકારી પુરાવો રજુ રાખતા ના હોય જેથી વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરવા પરવાનગી માંગતા, પરવાનગી આપતા, સાહેદોને ઉલટતપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછવા છતા પણ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન મળે તેવી કોઈ જ હકીકત જણાવતા નથી.

(૫.૩) આ કામે પુરાવાનુ વિશ્લેષણ કરવામાં આવે તો આ કામે પોલીસે, આરોપીનો મોબાઈલ કબ્જે કરેલો તે અંગેની કોઈ વિગત અત્રેની કોર્ટ સમક્ષ આવેલ નથી. વધુમાં, સદર આરોપીના ફોનમાંથી કોઈ ફરીયાદીના કે કોઈ સાહેદના ફોટોસ મળી આવ્યા હોય તે અંગેનો પુરાવો પણ કોર્ટ સમક્ષ રજૂ થયેલ નથી.

વધુમાં, આ કામના આરોપીએ જ સદર કહેવાતો ફોટો અપલોડ કરેલ હોય તેવો કોઈ લેશમાત્ર પુરાવો અત્રેની કોર્ટના રેકોર્ડ ઉપર આવેલ નથી. આ કામના ફરીયાદી કે સાહેદોએ, જે આઈ.ડી. પરથી ફોટા અપલોડ કરવામાં આવેલાનો આક્ષેપો પ્રથમ માહિતી અહેવાલમાં કરવામાં આવેલા છે, તે આઈ.ડી. અંગેની વિગત પણ અત્રેની કોર્ટમાં જણાવેલ નથી અને તે આઈ.ડી. આ કામના આરોપીની હોય તેવા કોઈ સચોટ પુરાવા પણ અત્રેની કોર્ટના રેકર્ડ પર રજુ રાખવામા આવેલ નથી. આ સિવાય, અત્રેની કોર્ટના રેકોર્ડ પર કહેવાતા પોસ્ટ પણ રજૂ રાખવામાં આવેલી નથી. આ કામના આરોપીએ, અન્ય કોઈ વ્યકિતની આઈ.ડી.માં ગેરકાયદેસર રીતે પ્ર

વેશ કરેલ હોય કે આ કામના ભોગ બનનારનાઓની પરવાનગી વગર તેઓનુ કોઈ ચીત્ર જાહેર કર્યા હોય કે ભોગ બનનાર કે અન્ય કોઈ સાહેદની બદનક્ષી કરેલ હોય તે અંગેનો કોઈપણ સચોટ અને કડીબધ્ધ પુરાવો અત્રેની કોર્ટ સમક્ષ રજુ રાખવામાં આવેલ નથી.

(૫.૪) ઉપરોકત તમામ હકીકતોને લક્ષમાં લેતાં ફરીયાદપક્ષ આરોપી સામેનું તહોમત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલા હોય, આરોપીને આરોપ સામે સાંકળતી એક મેક કડી પુરવાર કરવામાં આવેલ ના હોય, ફરીયાદપક્ષનો પુરાવો વિશ્વસનીય, માનવાલાયક અને એકબીજાને પુરક ના હોય, આરોપીની સામેનું તહોમત નિ:શંક પણે પુરવાર થતુ ના હોય, આરોપીની સામે ભારતીય દંડ સંહીતાની કલમ–૫૦૭, ૫૦૬ (૨) તથા ઈન્ફર્મેશન ટેકનોલોજી એકટ ૨૦૦૦ ની કલમ–૬૬(ઈ), ૬૭, ૬૭ (એ) મુજબની હકીકતો પુરવાર થતી ના હોય, મુદ્દા નં.૧ નો નિર્ણય તે રીતે નકારમાં આપી, આરોપીઓને નિર્દોષ ઠરાવીને છોડી મુકવા જોઈએ તેમ માનું છુ જેથી ન્યાયના વિશાળ હીતમાં નીચેનો હુકમ કરવામાં આવે છે.

## -: હુ ક મ :-

આ કામના આરોપી કિરણ એસ/ઓ. સુરેશભાઈ ચવ્હાણ (પાટીલ), રહે. : પ્લોટ નં. ૦૨, ગણેશનગર વિભાગ–૦૨, સપના પાન સેન્ટરની પાસે, ડીંડોલી, સુરત, મુળ રહે.: ગામ મોહાડી, તા.જામનેર, જી.જલગાંવ (મહારાષ્ટ્ર) નાઓને ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહીતાની કલમ–૫૦૭, ૫૦૬ (૨) તથા ઈન્ફર્મેશન ટેકનોલોજી એકટ ૨૦૦૦ ની કલમ–૬૬(ઈ), ૬૭, ૬૭ (એ) હેઠળના શિક્ષાને પાત્ર ગુના સબબ આરોપીને નિર્દોષ ઠરાવીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ અગાઉ આપેલ બેઈલ બોન્ડ આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે તેમજ ફરોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૭(ક) મુજબ અપીલ

પીરીયડ સુધી આરોપીએ રૂા.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર) પુરાનાં સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ બાબતે વચગાળાનો હુકમ કાયમ કરવામાં આવે છે અને જો ન કરવામા આવેલ હોય તો મુદામાલ માલીકીની ખરાઈ કરી તેઓને સુપ્રત કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તારીખ ૨૧ મી, માહે–ડિસેમ્બર, સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

તા.૨૧–૧૨–૨૦૨૪

સ્થળ: સુરત

(કર્ણ અજીત મારવાહા)
ચોથા અધિક સિવિલ જજ અને
ન્યાયિક મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ, સુરત
જીજે–૦૧૫૫૮